પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૨ | ૫ માર્ચ, ૨૦૨૧, શુક્રવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દેશમાં રહેવાલાયક સૌથી શ્રેષ્ઠ શહેર બેંગલુરૂ

અમદાવાદ ત્રીજા ક્રમ ઉપર : રહેવાલાયક ટોપ-૧૦ દેશોમાં સુરત અને વડોદરાનો સમાવેશ, દિલ્હી ૧૩મા ક્રમે રહ્યું, ૧૦ લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાં ગાંધીનગર ટોપટેનમાં : ઈઝ ઓફ લિવિંગ રેંકિંગ-૨૦૨૦ બહાર પડાયા

નવી દિલ્હી, તા. ૪

દેશમાં ૧૦ લાખ કરતા વધારે વસ્તીવાળા શહેરોમાં રહેનારા બેંગ્લુરુ સૌથી બેસ્ટ શહેર બન્યું છે. જ્યારે ૧૦ લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાં શિમલા ટોપ પર છે. કેન્દ્રીય આવાસ અને શહેરી મામલાના મંત્રાલયે ઈઝ ઓફ લિવિંગ રેંકિંગ-૨૦૨૦ (ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ ઈન્ડિયા લિસ્ટ) જાહેર કર્યું છે. કેન્દ્રીય આવાસ અને શહેરી મામલાના મંત્રી હરદીપસિંહ પૂરીએ રિપોર્ટ જારી કર્યો છે. ખાસ વાત એ છે કે દેશની રાજધાની દિલ્હી આ બધે કેટેગરીમાં ૧૦મા નંબર સુધી પણ નથી પહોંચી શક્યું. દિલ્હી ૧૩મા નંબર પર રહ્યું છે. આ લિસ્ટમાં અમદાવાદ ૧૦ લાખથી વધારે વસ્તીવાળા શહેરોમાં ત્રીજા નંબર પર છે આ સિવાય અહીં સુરત અને વડોદરાનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૧૦ લાખ કરતા ઓછી વસ્તીવાળા શહેરોમાં ગાંધીનગર ૭મા નંબર પર છે.

રહેવા માટે બેસ્ટ શહેરોના રેંકિંગમાં ધેશમાં ૧૧૧ શહેરોનો સર્વે કરવામાં આવ્યો. શહેરને બે કેટેગરીમાં વહેંચવામાં આવ્યા. પહેલી કેટેગરીમાં એ શહેર જોડાયા

● અનુસંધાન પાન-૭ પર

કેરળમાં શ્રીધરન ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવાર

ગત સપ્તાહે ભાજપમાં જોડાયેલા શ્રીધરનના નામની રાજ્યના પક્ષ પ્રમુખ સુરેન્દ્રને વિજય યાત્રા દરમિયાન જાહેરાત કરી

તિરુવનંતપુરમ, તા. ૪

કેરળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મોટો દાવ ઉતરતા ગુરુવારે મેટ્રોમેન તરીકે ઓળખાતા ઈ શ્રીધરનને પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનાવ્યા છે. ૮૮ વર્ષના શ્રીધરન ગત સપ્તાહે જ ભાજપમાં જોડાયા હતા. તાજેતરમાં જ ચૂંટણી પંચે કેરળ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

કેરળ ભાજપના પ્રમુખ સુરેન્દ્રન તાજેતરમાં સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે ફરી રહ્યા છે, તેમણે વિજય યાત્રા દરમિયાન આ વાત જણાવી હતી. તેમણે કહ્યું કે, ભાજપ ટૂંક સમયમાં અન્ય ઉમેદવારોની યાદી પણ જાહેર કરશે.

ઈ શ્રીધરન ૨૫ ફેબ્રુઆરીના રોજ સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થયા હતા. તેઓ કેરળના મલપ્પુરમમાં ભાજપના એક કાર્યક્રમમાં પક્ષમાં જોડાયા હતા. તેમણે થોડો સમય અગાઉ જણ જણાવ્યું હતું કે તેઓ ભાજપમાં સામેલ થવાના છે. જો ભાજપ ઈચ્છશે તો તેઓ વિધાનસભા ચૂંટણી લડશે અને સીએમ પદ માટે દાવેદારી પણ કરશે તેમ તેમણે જણાવ્યું હતું.

મેટ્રો મેન તરીકે જાણીતા અને વિશાળ માળખાકીય યોજનાઓને પૂર્ણ કરવામાં કુશળ ગણાતા ૮૮ વર્ષીય ટેક્નોક્રેટ શ્રીધનરે કહ્યું કે, તેમનો

મુખ્ય ઉદ્દેશ ભાજપને કેરળમાં સત્તામાં લાવવામાં મદદ કરવાનો છે. ભારતીય જનતા પાર્ટીમાં શ્રીધરનની એન્ટ્રીને કેરળમાં પક્ષ માટે સૌથી મોટું પ્રોત્સાહન માનવામાં આવે છે. ભાજપમાં જોડાયા તે પૂર્વે શ્રીધરને સ્પષ્ટ કરી દીધું હતું કે, તેમને રાજ્યપાલનું પદ સંભાળવામાં કોઈ રસ નથી.

લખનૌના ૧૦૯૦ મુખ્યાલયમાં બોંબની અફવાથી અફરા-તફરી

ઉત્તર પ્રદેશમાં બોમ્બ મૂકવાની ઊડતી અફવાઓ : ૧૦૯૦ મુખ્યાલયની અંદર સ્પેશિયલ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન, ડોગ-બોમ્બ સ્કવોડની મદદ લેવામાં આવી

નવી દિલ્હી, તા. ૪

ઉત્તર પ્રદેશની અંદર આજે સવારથી બોમ્બ સ્કોવડ અને પોલીસ આમથી તેમ દોડી રહી છે. તેનું કારણ છે કે પહેલા તાજમહેલમાં બોમ્બ હોવાની અફવા ઉડી. ત્યારબાદ હવે લખનૌના ૧૦૯૦ મુખ્યાલયમાં બોમ્બની સૂચનાના કારણે ફરા તફરીનો માહોલ સર્જાયો છે.

આ ઘટના બાદ ૧૦૯૦ મુખ્યાલયની અંદર સ્પેશિયલ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ સર્ચ ઓપરેશનમાં ડોગ અને બૉમ્બ સ્કવાયડની મદદ લેવાઈ હતી. કલાકના ચેકીંગ બાદ આ સૂચના પણ ખોટી નીકળી છે. હવે સૂચના આપનારની તપાસ શરુ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ સવારે તાજમહેલમાં બોમ્બ હોવાની ખોટી માહિતિ કોઈકે પોલીસને આપી હતી.

લખનૌ પોલીસે કહ્યું કે સવારે લગભગ ૧૧ વાગ્યાને ૩૦ મિનિટ પર એક કોલ આવ્યો. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

ઓટીટી પરની વસ્તુનું સ્ક્રિનિંગ થવું અત્યંત જરૂરી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ઓટીટી પ્લેટફોર્મ પર નિયંત્રણ માટે બનાવેલા નિયમો વિશે કેન્દ્ર સરકાર પાસેથી સુપ્રીમે માહિતિ માગી

નવી દિલ્હી, તા. ૪

તાંડવ વેબ સારિઝને લઈને ચાલી રહેવા વિવાદની સુનવણી દરમિયાન જે સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેટલાક ઓટીટી પ્લેટફોર્મ પર પોર્નોગ્રાફી દર્શાવવામાં આવે છે. આ અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે અને સાથે જ કહ્યું કે ઓટીટી પ્લેટફોર્મ પર આવતી સામગ્રીનું સ્ક્રિનિંગ થવું જરુરી છે. સુપ્રીમ કોર્ટે સરકારને ઓટીટી પ્લેટફોર્મ પર નિયંત્રણ માટે બનાવેલા નિયમો વિશે માહિતિ માંગી છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસની આગલી સુનવણી કાલે એટલે કે શુક્રવારના રોજ થશે.

સુપ્રીમ કોર્ટે એમેઝોન પ્રાઈમની અપર્ણા પુરોહિતની આગોતરા જામીન અરજી પર સુનવણી દરમિયાન આ વાત કરી છે. ઉલ્લેખનીય છે કે વેબ સિરીઝ તાંડવમાં ધાર્મિક ભાવનાઓને ભડકાવવા માટે અપર્ણા પુરોહિત સહિત અનેક કલાકારો અને તેના ડાયરેક્ટર સામે કેસ નોંધવામાં આવ્યા છે.

આ પહેલા અલ્લાહાબાદ હાઈકોર્ટે અપર્ણા પુરોહિતની અરજી ફગાવી હતી. ત્યારબાદ અપર્ણાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આજે સુપ્રીમ કોર્ટમાં આ કેસની માત્ર બે મિનિટ સુનવણી થઈ છે. સુનવણીની શરુઆતમાં જ જસ્ટિસ્ટ અશોક ભૂષણે કહ્યું કે ઓટીટી પ્લેટફોર્મ પર જે કન્ટેન્ટ દર્શાવવામાં આવે છે તેમનું સ્ક્રિનિંગ થવું જોઈએ.

તેમનું કહેવું છે જે રીતે ફિલ્મોને સેન્સર બોર્ડ પાસ કરે છે. તે જ રીતે ઓટીટી પ્રોગ્રામ માટે પણ તે પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએ.

અક્ષર-અશ્વિન સામે ઈંગ્લિશ બેટસમેન્સ ફરીવાર ઘૂંટણીયે

અમદાવાદ, તા. ૪

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડની ટીમ વધુ એક વખત અક્ષર પટેલની સ્પિન બોલિંગ સામે લાચાર જોવા મળી હતી. ગુરૂવારથી શરૂ થયેલી ચોથી અને અંતિમ ટેસ્ટ ક્રિકેટ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ અક્ષર સહિત ભારતીય બોલર્સે કરેલી શાનદાર બોલિંગ સામે પ્રવાસી બેટ્સમેનોને રમવામાં મુશ્કેલી નડી હતી. ઈંગ્લેન્ડ પ્રથમ દિવસે જ ૨૦૫ રનમાં આઉટ થઈ ગયું હતું. જેમાં અક્ષર અને અશ્વિને તરખાટ મચાવ્યો હતો. અક્ષરે ૪ વિકેટ ઝડપી હતી જ્યારે અશ્વિનને ૩ સફળતા મળી હતી. ભારતે પણ તેની પ્રથમ ઈનિંગ્સની શરૂઆથ નબળી કરી હતી અને પહેલા દિવસની રમતના અંતે તેણે શુભમન ગીલ(૦)ની વિકેટ ગુમાવીને ૨૪ રન બનાવી લીધી હતા. યજમાન ટીમ હજું પ્રવાસી ટીમ કરતા ૧૮૧ રનથી પાછળ છે અને તેની નવી વિકેટ હાથમાં છે.

ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ માત્ર ૨૦૫ રનમાં સમેટાઈ ગઈ, ભારત પ્રથમ દાવના એક વિકેટે ૨૪ રન

દિવસની રમતના અંતે રોહિત શર્મા (૮) અને ચેતેશ્વર પૂજારા (૧૫) રને રમતમાં હતા. ગીલને એન્ડરસને એલબીડબલ્યુ આઉટ કર્યો હતો.

ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો પરંતુ અક્ષર પટેલે કેપ્ટન જો રૂટનો આ નિર્ણય ખોટો ઠેરવ્યો હતો અક્ષરે

● અનુસંધાન પાન-૭ પર

છ કરોડ કર્મચારીઓને રાહત: EPFOએ વ્યાજદર યથાવત્ રાખ્યો

૨૦૨૦-૨૧માં પણ પ્રોવિડન્ટ ફન્ડ પર મળતું રહેશે ૮.૫% વ્યાજ

ન્યુ દિલ્હી,તા.૩

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન મળેલી બેઠકમાં આજે એક મહત્વપૂર્ણ લેવામાં આવ્યો છે. લાંબા સમયથી અટકળો ચાલતી હતી કે કોરોનાને કારણે વ્યાજના દરમાં ઘટાડો થઈ શકે છે. જો કે આજે સરકારે ૬ કરોડ પીએફ ધારકોને રાહત આપી છે. જો કે આજે મળેલી બેઠકમાં નોકરીયાત વર્ગને મોટી રાહત આપવામાં આવી છે. કેમ કે હવે તેમને ૮.પના દરે વ્યાજ મળતુ રહેશે. જેનાથી ઈંહ્લના અંદાજે ૬ કરોડ લોકોને રાહત મળશે.

PF વ્યાજ દરને લઈને અનુમાન લગાવવામાં આવી રહ્યુ હતુ કે કોરોના વાઈરસના કારણે લોકોએ કરેલા વધારે ઉપાડ અને જમા રાશીમાં થયેલા ઘટાડાને કારણે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. EPFOએ ૨૦૨૦-૨૧ માટે EPFO ડિપોજિટ પર વ્યાજના દરોને ૮.૫ ટકા ફિક્સ નક્કી કર્યા છે. નોંધનિય છે તે આજે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના ટ્રસ્ટીઓની બેઠક શ્રીનગર ખાતે મળી હતી. જેમા વ્યાજ અંગે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં EPF પર ૮.૫ ટકા વ્યાજ મળતુ હતું, જો કે ૭ વર્ષમાં સૌથી ઓછુ વ્યાજ છે. આ પહેલા વર્ષ ૨૦૧૩માં ઈંહ્લ પર વ્યાજ ૮.૫ ટકા હતું. ગયા વર્ષે માર્ચમાં ઈંહ્લએ વ્યાજને રિવાઈઝ કર્યું હતું. આ પહેલા નાણાકીય વર્ષ ૨૦૧૯માં EPFO પર ૮.૬૫ ટકા વ્યાજ મળતુ હતું. EPFOએ નાણાકીય વર્ષ ૨૦૧૮માં ૮.૫૫ ટકા વ્યાજ આપ્યું હતું. જે આ પહેલાના નાણાકીય વર્ષ ૨૦૧૬માં ૮.૮ ટકા હતુ. આ પહેલા નાણાકીય વર્ષ ૨૦૧૭માં ૮.૭૫ ટકા હતું. EPFના દેશભરમાં ૬ કરોડ સબ્સ્ક્રાઈબર્સ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં પણ આ કરોડો લોકોને KYCમાં થયેલી ગડબડીના કારણે વ્યાજ મળવામાં વિલંબ થયો હતો.

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર
9909555191

મમતાની સોફ્ટ હિંદુત્વની પીચ પર બાઉન્ડ્રી ફટકારવાની તૈયારી

અત્યંત રસપ્રદ વળાંકો લેતું પ.બંગાળનું રાજકારણ : દીદીએ ભગવાન શિવનું કાર્ડ ખેલતાં ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે મહાશિવરાત્રી પર્વનો દિવસ પસંદ કર્યો

કોલકાતા, તા. ૪

પશ્ચિમ બંગાળનું રાજકારણ ખૂબ જ રસપ્રદ વળાંકો લઈ રહ્યું છે. એક તરફ ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીને પગલે હિંદુત્વ અને જય શ્રી રામના નારાને લઈ મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરૂદ્ધ

અભિયાન છેડ્યું છે. ત્યારે મમતા પણ હવે સોફ્ટ હિંદુત્વની આ પીચ પર જ તક મળે ચોગ્ગો ફટકારવાની તૈયારીમાં છે. ભાજપના રામના નારાના જવાબમાં મમતાએ ભગવાન શિવનું કાર્ડ ખોલ્યું છે. તેમણે ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે મહાશિવરાત્રી પર્વનો દિવસ પસંદ કર્યો છે.

મમતા બેનર્જીએ આ વખતે મેદિનીપુરની નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. તેઓ પોતાની જૂની ભવાનીપુર અને નંદીગ્રામ એમ બંને બેઠકો પરથી ચૂંટણી લડે તેવી સંભાવના છે. નંદીગ્રામ ખાતે ઉમેદવારી નોંધાવવા માટે તેમણે ૧૧મી માર્ચનો દિવસ પસંદ કર્યો છે અને તે દિવસે મહાશિવરાત્રી પર્વ પણ છે.

એક અહેવાલ પ્રમાણે મહાશિવરાત્રીના દિવસે ઉમેદવારી નોંધાવીને મમતા બેનર્જી પોતે શિવભક્ત હોવાનો પુરાવો આપવા માંગે છે. કારણ કે, હિંદુ ધર્મમાં કોઈ પણ મોટું કામ કોઈ પવિત્ર દિવસ કે અવસર વખતે કરવામાં આવે છે. રાજકીય વર્તુળોમાં થઈ રહેલી ચર્ચા પ્રમાણે ઉમેદવારી માટે મહાશિવરાત્રીનો દિવસ પસંદ કરીને મમતા ભાજપના જય શ્રી રામના નારાનો જવાબ આપવા માંગે છે.

અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ૭૦ એકરના બદલે ૧૦૭ એકરમાં થશે

અયોધ્યા,તા.૪

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા હવે રામ મંદિર નિર્માણને લઈને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રામ મંદિર ૭૦ નહીં પણ ૧૦૭ એકરમાં બનશે. ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે શ્રી રામ જન્મભૂમિ પરિસરની આસપાસ ટ્રસ્ટે વધારે ૭૨૮૫ સ્ક્વેર ફૂટ જમીન ખરીદી લીધી છે.

આ જમીન ખરીદવામાં આવ્યા બાદ રામ મંદિર પરિસરનું નિર્માણ ૧૦૭ એકરમાં કરવામાં આવશે. રામજન્મભૂમિ વિવાદ પર આવેલા નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૭૦ એકર જમીન મળી હતી. જે પહેલા કેન્દ્ર સરકારને આધિન હતી. પરંતુ હવે ટ્રસ્ટ તરફથી હવે આસપાસની કેટલીક વધુ જમીન ખરીદવામાં આવી છે જેથી કરીને રામ મંદિર પરિષરને ભવ્ય અને વિશાળ સ્વરૂપ આપી શકાય.

શ્રીરામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે રામ જન્મભૂમિ પરિસરમાં લગભગ પાંચ એકર વિસ્તારમાં રામલલ્લાનું મંદિર બનશે. આ ઉપરાંત અન્ય વિસ્તારમાં અનેક નાના મોટા મંદિરો બનાવવામાં આવશે. તીર્થયાત્રાળુઓ માટે પણ અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેવી જ રીતે આ પરિસરમાં મ્યુઝિયમ, લાઈબ્રેરી જેવી સુવિધાઓ પણ કરવામાં આવશે. મંદિર બનાવવા માટે પથ્થરો શોધવાનું કામ પણ હાથ ધરી દેવામાં આવ્યું છે.

અયોધ્યામાં તૈયાર થઈ રહેલા ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટે અનેક કંપનીઓ સાથે સમજુતિ કરી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે લાર્સન એંડ ટુબ્રો લિમિટેડને શ્રી રામ મંદિર નિર્માણની પરિકલ્પના અને બાંધકામ માટે નિમવામાં આવી છે. આ ઉપરાંત મંદિર ક્ષેત્રમાં તીર્થયાત્રીઓ માટે સુવિધાઓ/સેવાઓના વિકાસ માટે ક્ષેત્રને વિકસીત કરવા માટે ટાટા કંસક્ટિંગ એંજિનિયર્સને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કંસક્ટંસી ને ડિઝાઈન એંડ એંજીનિયરિંહ સાથે ટ્રસ્ટે કરાર કર્યા છે.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Vશાલ
SUPER MARKETની આજ
પાણીપુરી
૧ પેકેટ (અંદાજીત ૯૦ પુરી)
રૂ.૩૮/-
સેક્ટર-૬/કુડાસણ